
# ‘જૈન તિથિ દર્પણ’

## ડૉ. બિંદુ શાહ

'મેરુ ડગે પણ જેના મન ના ડગે' એમ કહેવાયું છે. પરમાત્માએ સંપૂર્ણ અઢીદ્વીપમાં પાંચ મેરુ જણાવ્યા છે. મેરુને મધ્યમાં રાખીને સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહ અને નક્ષત્ર પ્રદક્ષિણા કરે છે. મેરુ પર્વત એક હજાર યોજન જમીનમાં ઊંડો છે, બરાબર નીચે એની મધ્યમાં આઠ રુચક પ્રદેશ જોવા મળે છે જેને અષ્ટ રુચક પ્રદેશ કહેવાય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર જીવાત્મા ચાર સમયમાં પોતાનું શરીર દંડ જેવું બનાવે છે અને સંપૂર્ણ રાજલોકમાં આત્માના પ્રદેશને પ્રસરાવે છે અને સમયમાં સંકોડે છે. સમભૂતલથી આરંભીને **790** યોજન ઉપરથી **110** યોજન સુધી જ્યોતિષચક્ર સ્થિત છે.





**110** યોજન જ્યોતિષચક્ર

આકૃતિ :**1** જ્યોતિષચક્ર

અષ્ટરુચક પ્રદેશ

આ જ્યોતિષચક્રમાં સૂર્ય, ચંદ્ર વગેરેના માંડલા આવેલ છે. સમતુલા પૃથ્વીથી **790** યોજને તારા, **800** યોજને સૂર્ય, **880** યોજને ચંદ્ર, **884** યોજને નક્ષત્રમંડળ અને બુધ, શુક્ર, ગુરુ વગેરે ગ્રહના મંડળો આવેલા છે. આમ, **790** થી **900** યોજનમાં જ જ્યોતિષચક્ર સ્થિત છે. આ સર્વે મેરુ પર્વતની પ્રદક્ષિણા પૂર્વથી પશ્ચિમ કરે છે અને પોતાની ધરી પર ઉત્તરથી દક્ષિણ એક જ સ્થિતિમાં ગોળ ફરે છે પરંતુ સર્વેની ગતિ ભિન્ન છે.





આકૃતિ:**2-** પૃથ્વીથી જ્યોતિષચક્રનું અંતર

શાસ્ત્રપાઠમાં તારાની ગતિ સૌથી ઝડપી છે અને ચંદ્રની સૌથી ઓછી છે. નક્ષત્ર-એક મુહૂર્તની **1835** યોજન , સૂર્ય-એક મુહૂર્તની **1830,** ચંદ્ર **-** એક મુહૂર્તની **1768** યોજન ફરવાની ગતિ છે

ચંદ્ર સૌથી પોતાની પ્રદક્ષિણા પૂર્ણ કરે એટલે એક તિથિ પડે છે એવું આજનું વિજ્ઞાન માને છે. આપણા શાસ્ત્રો મુજબ ચંદ્રના વિમાનને રાહુનું વિમાન ઢાંકે છે તેના પરથી તિથિ નક્કી થાય છે. પહેલું માંડલું અંદરનું છે અને તેની પરિધિ નાની હોય. બીજું માંડલું બહારનું છે જેની પરિધિ મોટી હોય. સર્વ બાહ્ય માંડલે પ્રકાશક્ષેત્રનું માપ **90,000** યોજનનું ગણાયું છે, સર્વ અભ્યંતર મંડલે **9000** ની આસપાસ દર્શાવાયું છે. સૂર્ય અભ્યંતર માંડલે હોય ત્યારે કર્કવૃત્ત બને અને સૂર્ય બાહ્ય માંડલે હોય ત્યારે મકરવૃત્ત બને છે. અંદરનાં માંડલે સૂર્ય હોય તો દિવસની ભાગ નાનો બને છે.

સૂર્યથી ચંદ્ર **90, 45, 180, 720** ડિગ્રીએ જાય ત્યારે પ્રકાશ વધશે. અંદરના માંડલામાં સૂર્ય હશે ત્યારે ત્રણ ભાગે અંધારું અને બે ભાગે પ્રકાશ થાય છે અને બહારના માંડલે હોય ત્યારે ત્રણ ભાગે પ્રકાશ અને બે ભાગે અંધકાર થાય છે. ભરતક્ષેત્ર, ઐરાવત ક્ષેત્રમાં સમાન પરિસ્થિતિ હોય છે. આકૃતિ -3માં દર્શાવ્યા મુજબ સફેદ ભાગમાં કર્કવૃત્તનાં સમયે 94526 ભાગમાં પ્રકાશ અને જાંબલી ભાગમાં 63017 અંધકાર દર્શાવે છે. એનો અર્થ એ થાય કે અંદર જગ્યા સાંકડી છે એટલે પ્રકાશ ઓછો છે અને અંદરથી બહાર જતા દસગણો પ્રકાશ વધી જાય છે. અંધકાર અને પ્રકાશની અપેક્ષાએ સમગ્ર વર્તુળાકારક્ષેત્રના દસભાગ જ થાય, ન વધુ ન ઓછા. તેને કારણે જ દસ પર્વતિથિ આવે છે.




આકૃતિ:**3-** પ્રકાશ અને અંધકાર

પરમાત્માએ આપણને સૌપ્રથમ જીવ અને જીવાત્માનો ભેદ દર્શાવ્યો છે. આત્માને માનનારા, કર્મની વ્યવસ્થાને, દેહ અને આત્માના ભેદને જાણનારા અને સમજનારા જીવાત્મા બાકી બધા જીવો. પર્વતિથિ દ્વારા પરમાત્માએ જણાવ્યું છે કે જે જીવાત્માઓએ આ સર્વમાંથી મુક્ત થવા આરંભ, સમારંભ, આહાર, પાણી વગેરે સંપૂર્ણ ત્યજીને પૌષધવ્રત કરવું. આમ પર્વતિથિમાં સંવર પાળી, આશ્રવને રોકી કર્મની નિર્ઝરા કરાય છે, ભવ-પરભવની ઘટમાળ તૂટે છે. પરમાત્માની વાણી મુજબ જીવ પર્વતિથિઓના દિવસે જ મોટે ભાગે ભવબંધ બાંધે છે. સંવર એટલે નવા પાપથી બચવું અને આશ્રવ એટલે પૂર્વેના પાપની નિર્ઝરા કરવી.

ઘાતીકર્મનો ક્ષય મનોયોગના ખતમ થવાને કારણે જ શક્ય છે. મનોયોગને શાંત કરવા અને નવા વિચારો અટકાવવા પર્વતિથિની આરાધના કરવામાં આવે છે. પરમાત્માના કહ્યા મુજબ પાપનો બાપ મોહનીય કર્મ છે. મોહનીય કર્મ એટલે સોળ કષાય અને કષાયનું કારણ જ મન છે. મિથ્યાત્વનો ઉદય સાચી શ્રદ્ધા વગર અસ્ત થઈ શકશે નહીં. આમ, મન જ કષાય, મોહ, ઘાતીકર્મ આદિનું કારણ હોય તો જગતનું એવું કયું પરિબળ મનને કાબૂમાં રાખે છે તે વિશે સમજવું આવશ્યક છે.

પરમાત્માએ પર્વતિથિ પાળીને મન ઉપર કાબૂ મેળવવાનો માર્ગ દર્શાવી પર્વ તિથિ અને મનનો સંબંધ પ્રસ્થાપિત કરી આપ્યો છે. પર્વતિથિએ માત્ર આયુષ્યબંધ નથી પડતો પરંતુ સમગ્ર બ્રહ્માંડના જીવોના મનમાં ખળભળાટ થતો હોય છે. દા.ત. ચૌદસ-અમાસ-પૂનમના દિવસે પાગલખાનામાં દર્દીઓના ગાંડપણમાં વૃદ્ધિ થાય, હોસ્પિટલમાં મૃત્યુદર વધુ જોવા મળે, તાંત્રિક વિદ્યાઓ પણ આવા જ દિવસોમાં સિદ્ધ થાય છે. આપણે એ સમજવાનું છે કે આવા દિવસોમાં દ્રવ્યથી એવા કેવા ફેરફાર થાય છે જેથી ગુણ સંપૂર્ણપણે બદલાય છે. પૂનમની રાત હોય અને દરિયાકિનારે જઈએ તો દરિયાની ભરતીને કારણે મન પ્રફુલ્લિત બની જાય છે અને અમાસની રાત્રિએ આપણું મન ઉદાસ બની જાય છે, ભય અનુભવે છે, મન ઉદ્વિગ્ન બની જાય છે. આમ, પૂનમ અને અમાસ આપણા મન પર કાબૂ રાખે છે તે સાબિત કરી શકાય. આ થવાનું કારણ ચંદ્રની કળા છે. ચંદ્રની અસર સીધી આપણા મન અને દેહમાં ફરતા લોહી પર પડે છે. સમગ્ર પૃથ્વી અને મનુષ્ય દેહ **75%** પાણીથી વ્યાપ્ત છે. ચંદ્રની કળાની અસર પાણી પર વધુ જોવા મળે છે. ચંદ્રની કળાને કારણે દરિયાનાં મોજા દિવસમાં બે વાર મન મૂકીને ઉછળે છે. પૂનમે બપોરે બાર વાગે અને રાતના બાર વાગે ભરતી ચોક્કસ આવે જ અને સાંજના છ વાગે અને સવારે છ વાગે ઓટ આવે જ. પૂનમ પછીના દિવસોમાં પોણો સમય મોડી ભરતી આવે. પૂનમે બાર વાગે આવી હોય તો એકમે પોણાવાગે ભરતી આવશે. આમ, ચંદ્રની કળામાં ભરતીનો સમય બદલાવવાની ક્ષમતા હોય તો મન પર કેટલી અસર કરતો હશે એ સમજાય છે. આ દિવસોમાં એકેન્દ્રિયથી

આરંભી પંચેન્દ્રિય સુધીના મનમાં ખળભળાટ હોય તો આહાર-પાણી વાપરીએ તો તે ઘણી ઊંડી અસર નીપજાવે. જેમ દરિયામાં ભરતીથી ઓટ સુધી ક્ષણે-ક્ષણે પર્યાય બદલાય છે તેમ મનનાં પણ પર્યાય બદલાય.

એકવાર મન પર કાબૂ રાખી શકાય પરંતુ દેહની આવશ્યકતાને કાબૂમાં રાખવી અઘરી થઈ પડે છે. પર્વતિથિએ જ નહીં પરંતુ પ્રત્યેક તિથિએ મન-વચન અને કાયાથી આરંભ, સમારંભનો ત્યાગ કરવો જોઈએ એવું જિનવાણીમાં કહેવાયું છે.

પક્ષ પૂનમથી આરંભાય એટલે તે પહેલો દિવસ, એકમે બીજો દિવસ અને બે દિવસ પછી બીજની તિથિ આવે, બે દિવસ પછી ત્રીજ અને ચોથ છોડીને પાંચમ આવે તેમ આઠમ, અગિયારસ અને ચૌદસ એમ તિથિ બને. અષાઢ સુદ પૂનમે અવસર્પિણી, ઉપસર્પિણી તમામ પૂર્ણ થાય છે. અમાસ અને પૂનમ એ બંને પર્યાય છે, એ પર્યાયનો ગુણ સુદ અને વદ પક્ષ શરૂ કરે છે. સ્થાનકવાસી લોકો જો અમાસ અને પૂનમને પર્વતિથિ ગણે તો તેમની માન્યતા ખોટી છે કારણકે તિથિ દર બે દિવસ છોડીને આવે એ ગણતરીએ અગિયારસ પછી ચૌદસે આવવી જોઈએ અને પૂનમ કે અમાસ ચોથો દિવસ ગણાય અને એ પછી માત્ર એક તિથિ છોડીને બીજ આવે, આમ કરવાથી સમગ્ર ગણતરી ખોટી પડે, સમતુલા ન જળવાય.આ અર્થે ચૌદસને જ પર્વતિથિ ગણવી જોઈએ એ સત્ય અને શાસ્ત્રાર્થ છે. આગમ પાઠમાં તિથિનાં ક્ષય વિશે પણ ગણતરી આપી છે. પ્રત્યેક ત્રીજા પક્ષમાં ક્ષય આવશે. એટલે પ્રત્યેક 57મી તિથિએ ક્ષય થાય એટલે પ્રત્યેક બારસે ક્ષય થાય. જીવાસ્તિકાય પર ષડદ્રવ્યોની જરા પણ અસર નથી. જે અવસ્થા વિશ્વની છે તેવી જ મનુષ્યનાં દેહમાં પણ જોવા મળે છે. આપણા દેહમાં પણ મધ્યમાં આવેલ દંડ જેવો ભાગ મેરુ કહેવાય અને નાભિની આસપાસ જ્યોતિષચક્ર છે, મૂળાધાર ક્ષેત્રમાં અષ્ટ રુચક પ્રદેશ છે અને લેશ્યાઓને કારણે ચીકણા કર્મ બંધાય છે. શુભ કર્મો ખરી પડે છે જયારે અશુભ કર્મો ચીકણા હોય છે. ગ્રહોની અસર આપણા દેહ પર થાય છે.

અઢીદ્વીપમાં જ કાળદ્રવ્ય છે અને મનુષ્ય સંયમ દ્વારા આ કાળદ્રવ્યમાંથી જ મુક્ત થઈ શકે છે. કર્મબંધનું કારણ ષડદ્રવ્ય છે. મનનાં વિચારો એટલે લેશ્યા અને જો લેશ્યાને કાબૂમાં રાખવી હોય તો મન પર કાબૂ કરવો જરૂરી છે. દ્રવ્યનો ગુણ આપણને કષાયોમાં અટવાવી દે છે. બાહ્ય પર્યાવરણને કારણે તિથિ સર્જાય છે અને આપણું મન પણ અસરગ્રસ્ત બને છે અને આપણા પ્રયેક કર્મોનું કારણ મન છે અને મન અમુક દિવસે ઉદ્વેગ પામે છે તેનું કારણ પાણી છે અને તેની પાછળ બાહ્ય પર્યાવરણ છે આમ, સંપૂર્ણ ચક્ર પૂર્ણ થાય છે. કેટલી તિથિ પાળવી એવા પ્રશ્નમાં ન પડી આપણે પ્રત્યેક ક્ષણમાં મનને કાબૂમાં રાખીને જ તેજસ શરીર અને કર્મણા શરીરને સમજી શકીશું અને આત્માને કર્મમુક્ત કરી શકીશું.